SIMULATIONS
Public Affairs Management Services

D-309, Shivalik Corporate Park, B/h IOC Petrol Pump, Between Shyamal – Shivranjani Cross Rd, On 132 Ft Ring Road, Satellite, Ahmedabad – 380015
Ph : 079- 65214200 Fax : 079-40065014
Email : simulationsindia@gmail.com

**Gujarat Mitra**
**Edition:** Surat | **Date:** June 09, 2011 | **Page No.:** 08 | **Category:** Sterling Hospital

## First living donor liver transplantation successfully performed at Sterling Hospital

# અમદાવાદમાં જીવીત દાતાના લીવરની મદદથી સૌપ્રથમ સફળ ઓપરેશન કરાયું

અમદાવાદ, તા. ૮: સતત ૧૪ કલાકની ભારે જહેમત પછી, ગુજરાતની કોર્પોરેટ હોસ્પિટલ્સમાં અગ્રેસર એવી સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદની ડોકટર્સ ટીમ દ્વારા તાજેતરમાં એક પ્રથમ ઓપરેશન જીવિત વ્યક્તિના લીવરની મદદથી, લીવર સીરોસીસથી પીડાતા વ્યક્તિમાં સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું. આણંદના પર વર્ષની ઉંમરના જનરલ પ્રેકટીશનર ડો. કનુભાઇ ગોહિલ અને તેમના સંબંધી પરમાર ઉપર, આ ઓપરેશન ડો. એ.એસ. સોઇનના માર્ગદર્શન હેઠળ ડો. હિતેષ ચાવડા, ડો. રવિ મોહન્કા અને ૪૦ ડોક્ટરોની ટીમ દ્વારા હાથ ધરવામાં આવ્યું. ગુરગાંવના મેડીસિટી-ઇન્સ્ટીટ્યૂટ ઓફ લીવર ટ્રાન્સપ્લાન્ટેશન એન્ડ રિજનરેટીવ મેડીસિનના ચીફ ઓફ લીવર ટ્રાન્સપ્લાન્ટ એન્ડ હીપેટોબીલીઅરી સર્જન ડો.એ.એસ. સોઇન અને તેમની ટીમ ભારતમાં લીવર ટ્રાન્સપ્લાન્ટનો સૌથી વધુ અનુભવ ધરાવે છે.

આ કેસ અંગેની વિગત આપતા સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદના કન્સલ્ટન્ટ-હીપેટોબીલીઅરી સર્જન તથા લીવર ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામના ડીવીઝન ચીફ ડો. હિતેષ ચાવડાએ જણાવ્યું હતું કે, ગયા મહિને ડો. કનુભાઇએ પેટની તકલીફ, અશક્તિ અને કમળાની ફરિયાદ સાથે હોસ્પિટલનો સંપર્ક કર્યો હતો.

તબીબી તપાસમાં જણાયું હતું કે, તેમને ૨૦ વર્ષ અગાઉ કોઇ રક્તદાતા તરફથી તેમને હીપેટાઇટીસ-સીનો ચેપ લાગ્યો હતો અને તેને કારણે લીવર સિરોસીસ થયું હતું. લીવર સિરોસીસ એટલે લીવર કડક અને નાનું થઇ જાય અને લીવર ઉપર દાણા ઊપસી આવે અને લીવર કામ કરતું બંધ થઇ જાય અને વ્યક્તિ કોમામાં સરી પડે છે. અતિશય દારૂ તથા ચેપ લાગવાને કારણે પણ આવું થઇ શકે. ઉપરોક્ત કિસ્સામાં ડો. કનુભાઇ ગોહિલ ટર્મિનલ લીવર ફેઇલ્યોરના છેલ્લાં તબક્કાનો ભોગ બન્યા હતા અને લીવર ટ્રાન્સપ્લાન્ટેશન કર્યા વગર થોડાક સપ્તાહથી વધુ જીવી શકે તેમ ન હતા. આથી અમે તેમને મૃત વ્યક્તિનું લીવર ટ્રાન્સપ્લાન્ટ નહીં કરવા માટે સલાહ આપી હતી, કારણ કે આવા કિસ્સાઓમાં દર્દીના બ્લડ ગ્રુપ અને પ્રતિક્ષા યાદીના નંબરને આધારે લીવર મેળવવા માટે ૧ થી ૧૨ મહિના રાહ જોવી પડે છે. આથી અમારી સમક્ષ તેમની ઉપર એલડીએલટી (લીવીંગ ડોનર લીવર ટ્રાન્સપ્લાન્ટેશન) કરવાનો એક માત્ર વિકલ્પ હતો. તેમના સાળા પૂનમ પરમાર, ડો. ગોહિલની મદદે આવ્યા. તેમનું બ્લડ ગ્રુપ મેચ થતું હોવાથી તેમમે તેમના લીવરનો એક હિસ્સો દાનમાં આપવાની ઇચ્છા દર્શાવી.

તા.૨૦મી મેના રોજ સ્ટર્લિંગ હોસ્પિટલ ખાતે પાસ-પાસેના ઓપરેશન થિયેટર્સમાં, આ ઓપરેશન કરવામાં આવ્યું અને દાતા તેમજ દર્દીને હોસ્પિટલમાંથી અનુક્રમે ૭મા અને ૧૨મા દિવસે તંદુરસ્ત અને સ્થિર હાલતમાં રજા આપવામાં આવી હતી. કુદરતે શરીરમાં લીવરની આઠ ભાગમાં રચના કરી છે એટલે તેમાંથી અડધો ભાગ કોઇને આપવાથી લીવર આપનાર અને લેનાર બંનેના લીવર ધીમે-ધીમે પૂર્ણ થઇ જાય છે.

## સ્ટર્લિંગ હોસ્પિ.ના બે ઓપરેશન થિયેટરોમાં એક સાથે લીવર કાઢવાની અને લીવર પ્રત્યારોપણની કામગીરી પાર પાડવામાં આવી